# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, જામનગર

| લોક દરબાર તારીખ : ૨૨.૦૪.૨૦૧૬ શુક્રવાર | સ્થળ : મામલતદારશ્રીની કચેરી, તાલુકા સેવા સદન, ભાણવડ | સમય : ૧૫.૩૦ કલાકે | તાલુકો : ભાણવડ |
|---|---|---|---|

તા.૨૨.૦૪.૨૦૧૬ ના રોજ ભાણવડ મૂકામે સરકારશ્રી દ્વારા માનનિય રાજ્યકક્ષાના મંત્રીશ્રી મંગુભાઇ પટેલ ની હાજરીમાં યોજાયેલ “લોક સંવાદ સેતુ - લોક દરબાર” અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

(પ્રગતિ અહેવાલ તા.૦૯.૦૫.૨૦૧૬)

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૦૪ | શ્રી રવજીભાઇ મોહનભાઇ દેલવાડીયા | શ્રી રવજી મોહન દેલવાડીયા અને શ્રી હિરેનભાઇ મનસુખભાઇ સીતાપરા ના ખેતીવાડી વીજ જોડાણ માં લોડવધારો મંજુર થતા અલગ ટ્રાન્સફોર્મર સેન્ટર આપવા બાબત. | શ્રી રવજી મોહન દેલવાડીયા દ્વારા ખેતીવાડી વીજજોડાણમાં (૫ હો.પા. + ૨.૫ હો.પા.) લોડ વધારાની અરજી તા.૧૮.૦૭.૨૦૧૩ના રોજ કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને સદર ગ્રાહકનું વીજ જોડાણ જે ટ્રાન્સફોર્મર સેન્ટરમાં જોડાયેલ હતુ તે ૨૫ કેવીએ નુ ટ્રાન્સફોર્મર છે તેમાં આ સહિત કુલ ૩ વીજ જોડાણ જોડાયેલ હતા. જેનો ટોટલ વીજભાર ૨૦ હોર્સ પાવર હતો. અને સદર ગ્રાહકની લોડ વધારાની તાંત્રીક મંજુરી મળતા કુલ વીજભાર ૨૨.૫ હો.પા. થતો હોવાથી નિયમોનુસાર અલગથી ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભુ કરવામાં આવેલ નથી. ઉપરાંત શ્રી હિરેનભાઇ મનસુખભાઇ સીતાપરા, ખેતીવાડી વીજ જોડાણના ગ્રાહક નં.૩૨૮૧૧/૦૧૧૬૫/૦ ની લોડ વધારાની અરજી કરવામાં આવેલ નથી. | નિકાલ |
| ૦૫ | શ્રી મનસુખભાઇ ગોપાલભાઇ સિતાપરા – સરપંચશ્રી, નવાગામ | નવાગામમાં વીજ લાઇનોનું સમારકામ કરવા બાબત. | નવાગામમાં ગામની વીજ લાઇનના સમારકામ બાબતે નાયબ ઇજનેરશ્રી દ્વારા સરપંચશ્રીની હાજરીમાં સર્વેક્ષણ કરેલ અને સદર કામગીરી કરવા માટેની તાંત્રીક મંજુરી મળેલ. જે મુજબ ગામની વિજલાઇનોમાં કુલ ૧.૭ | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રામ પંચાયત | | કીમી એલટી એબી કેબલ બદલાવીને સદર કામગીરી તા.૦૯.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. | |
| ૧૦ | શ્રી ભાવેશભાઇ લીલાભાઇ ખુંટી | ગામ નમુનો નં. ૧૬ (સિંચાઇના સાધનનુ પત્રક) હોવા છતા કુવાની નોંધ ૭/૧૨, ૮-અ માં કરાવવા બાબત. | અરજદાર દ્વારા ખેતીવાડી વિજજોડાણો માટે રજુ કરવામાં આવતા દસ્તાવેજી પુરાવામાં “ગામ નમુનો નં.૧૬ (પિયતના સાધનોનું પત્રક)” હોય છે તેથી ૭/૧૨ ના ઉતારામાં પિયતના સાધન અંગેની નોંધ નો અલગથી આગ્રહ રાખવામાં આવતો નથી. જે અંગે ની કડક સુચના દરેક પેટાવિભાગીય કચેરી ને આપવામાં આવેલ છે. | નિકાલ |
| ૧૩ | સરપચશ્રી, રૂપામોરા ગ્રામ પંચાયત | રૂપામોરા ગામમાં પોલ બદલવા બાબત. | રૂપામોરા ગામની વીજ લાઇનના વીજ થાંભલા બદલાવવા અને કેબલ નાખવાની કામગીરી બાબતે જુનીયર ઇજનેરશ્રી દ્વારા સરપંચશ્રીની હાજરીમાં સર્વેક્ષણ કરેલ છે અને સદર કામગીરી કરવા માટેની તાંત્રીક મંજુરી મળેલ છે. સદર કામગીરી તા. ૧૯.૦૪.૨૦૧૬ ના રોજ પુર્ણ કરેલ છે. | નિકાલ |
| -- | શ્રી વેજાભાઇ કરશનભાઇ હુણ – મોખાણા | ઘરવપરાશનું વિજકનેકશન ન મળવા બાબત. | અરજદારશ્રી દ્વારા ઘરવપરાશ માટેના નવા વિજજોડાણ માટેના દસ્તાવેજી પુરાવા સ્વરૂપે અરજી સાથે રજુ કરેલ તલાટી-કમ-મંત્રીશ્રીના દાખલામાં ગામતળની જગ્યામાં મકાન આવેલ છે તેવુ જણાવેલ. જેના આધારે અંદાજપત્ર આપતા, અરજદાર દ્વારા તા.૨૧.૦૮.૨૦૧૪નાં રોજ સદર અંદાજપત્રના નાણાં ભરપાઇ કરેલ. આથી સદર કનેકશન આપવા માટે સ્થળ ઉપર જતાં અરજદારે સિમતળમાં આવેલ મકાનમાં વિજજોડાણ આપવાનું જણાવતાં નિયમાનુસાર વિજજોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ નહોતી તથા અરજદારશ્રીની સદર વિજજોડાણની મંજુરી રદ કરીને અરજદારને ભરપાઇ કરેલ નાણા પરત માંગવા માટે જાણ કરેલ છે. વધુમાં, અરજદાર દ્વારા સીમતળની જગ્યાના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવશે તો પ્રવર્તમાન નિયમાનુસાર વિજજોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૮ | પોલાભાઈ કરશનભાઈ કરેણા, ગામ:વેરાડ, | ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબત | અરજદારશ્રી પોલાભાઈ કરશનભાઈ કરેણાં, ગામ:વેરાડ દ્વારા કરેલ રજૂઆત મુજબ તેઓશ્રીએ તા.૩૦.૦૪.૧૨ ના રોજ રશીદ નંબર ૪૮૭૬૨૬ સર્વે નંબર ૭૭૭પી૧ માં ખેતીવાડી હેતુ માટે સામાન્ય યોજના હેઠળ અરજી કરેલ છે. હાલમાં વેરાડ પેટાવિભાગિય કચેરી દ્વારા તા.૨૫.૦૪.૨૦૦૯ સુધી અરજી કરેલ અરજદારોને ભાવપત્રક આપવામાં આવેલા છે. વધુમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન સરકારશ્રીના લક્ષ્યાંક મુજબ તા.૩૧.૧૨.૨૦૧૦ સુધી અરજી કરેલ અરજદારોને ભાવપત્રક આપવામાં આવશે. વધુમાં જો સદર અરજદાર દ્વારા તત્કાલ સ્કીમ હેઠળ અરજી કરવામાં આવે તો તત્કાલ યોજનાના નિયમાનુસાર અગ્રતાના ધોરણે વિજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરી શકાય | નિકાલ |
| ૧૧૫ | કનારા હમીરભાઈ મેપાભાઈ ગામ : મોટા કાલાવડ, | ખેડૂતોને આઠ કલાક પાવર નિયમિત ન મળવા બાબત | અરજદારશ્રીની સદર રજૂઆત અનુસંધાને જણાવવાનું કે, તેઓને વીજ પુરવઠો મોટા કાલાવડ ખેતીવાડી ફીડરમાંથી આપવામાં આવે છે. સદર ખેતીવાડી વીજ ફીડરોમાં ૦૮:૦૦ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પૂર્ણ સમય માટે આપવાની જોગવાઈ છે. તેમ છતાં અનિવાર્ય સંજોગોમાં જો વીજ પુરવઠો ઓછો આપવામાં આવે તો તેના વળતરના ભાગ રૂપે તેજ દિવસે બાકી રહેલો વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. | નિકાલ |
| ૧૩૦ | કરમૂર હરદાસ ધાના ગામ: કાટકોલા | કુંઢનેશ વિસ્તાર ને જેજીવાય પાવર આપવા બાબત | કુંઢનેશ વિસ્તાર ખેતીવાડીમાં આવતો હોઈ, તથા ગામતળમાં તેનો સમાવેશ થતો ન હોઈ, સદર વિસ્તારમાં કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર ખેતીવાડી વિસ્તારમાં ખેતીવાડી ફીડરમાંથી ઘરવપરાશ હેતુનાં વિજજોડાણો આપવામાં આવે છે. આ ખેતીવાડી ફીડરોમાં દિવસમાં આઠ કલાક થ્રી ફેઝ અને બાકીના ૧૬ કલાકના સમય દરમ્યાન **“Special Designed Transformer”** દ્વારા સિંગલફેઝ વિજપુરવઠો કે જેનો ઘરવપરાશમાં ઉપયોગ થઇ શકે તે હેતુથી આપવામાં આવે છે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| --- | મકવાણા ભીમાભાઇ વાલાભાઇ<br>રહે.-લહેરી સાગર તળાવ.<br>ગામ:-ભાણવડ | ઘરવપરાશ હેતુનું વીજ કનેકશન આપવા બાબત. | આપની રજુઆતના અનુસંધાને જણાવવાનું કે, તા-૨૦.૦૪.૨૦૧૬ નાં રોજ તમારા ઘરવપરાશ માટે નુ વિજ જિડાણ લગાડવા માટે સ્થાનીક કચેરીનાં કર્મચારી આવતા નજીક નાં ટ્રાન્સફોર્મર માંથી સર્વીસ કનેક્શન આપવા માટે કાર્યવાહી કરેલ. તે દરમિયાન બાજુના ગ્રાહક શ્રી કારાભાઇ હદાભાઇ રાવલીયા દ્વારા વાંધો ઉઠાવતાં આપને નવુ વિજ જોડાણ આપવાની કાર્યવાહી થઇ શકેલ નથી. વધુમાં જો વાંધાનુ નિરાકરણ ન આવે તો આખરી ઉપાય તરીકે સદર કેસને વાંધાના નિરાકરણ માટે DM (district magistrate) સમક્ષ ઇન્ડિયન ઇલેક્ટ્રીસીટી એકટ-૧૯૧૦ ની કલમ ૧૨(૨) તથા ઇન્ડિયન ટેલીગ્રાફ એક્ટ-૧૮૮૫ ની કલમ ૧૬૨(૧) મુજબ રજુ કરવામા આવશે અને તેમના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. | નિકાલ |